**પરિપત્ર**

ક્રમાંક:મઉશબ/સંશોધન/૨૦૧૮/3693
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેકટર -૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૬/૦૭/૨૦૧૮

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગના વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ બાબત.
સંદર્ભ:- NIOS ગાંધીનગરના પત્રક્રમાંક:-એફ/નં-૩૫૩(૨)૨૦૧૪/એનઆઈઓએસ/આરસીજી/એડમિશન/૧૧૨૫, તા.૨૨/૦૬/૨૦૧૮.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા ચાલતી સ્વાયત સંસ્થા રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયી, શિક્ષણ સંસ્થાન (નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કૂલીંગ) દ્વારા સેકન્ડરી (ધો-૧૦) અને સિનિયર સેકન્ડરી (ધો-૧૨)ની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષા એપ્રિલ/મે-૨૦૧૮ દરમ્યાન લેવાયેલ હતી. જેનુ પરિણામ જૂન માસના પ્રથમ અઠવાડિયામાં ઓનલાઇન www.nios.ac.in વેબપોર્ટલ પર આવેલ છે. પરંતુ એન.આઈ.ઓ.એસ. સમગ્ર ભારત દેશના તમામ રાજ્યોમા પરીક્ષાનું આયોજન કરે છે. તેથી માર્કશીટ સમયસર પહોંચતી નથી. જ્યારે ગુજરાતમાં શાળા કોલેજમાં પ્રવેશ પ્રક્રિયા જૂન માસના પ્રાંરભે જ શરૂ થાય છે. પરિણામે આ વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવામાં મુશ્કેલી પડે છે.

આથી NIOS બોર્ડના વિદ્યાર્થીઓને ONLINE પ્રિન્ટ કરેલ માર્કશીટના આધારે પ્રોવિઝનલ પ્રવેશ આપવા આપના તાબા હેઠળની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

(ડી.એસ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

નકલ રવાના :-

- નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપન સ્કુલીંગ,
  એમ.એસ.બિલ્ડીંગ, ડી/બ્લોક સાતમો માળ, સે-૧૧, ગાંધીનગર.

F:\Rakesh Dabhi\Jyantibhai\NIOS ના વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ બાબત..docx